Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[illegible]

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

— જેઠ—અષાડ —

પુસ્તક ૭૫ મું
અંક ૮-૯
૧૦ મી જુલાઈ

વીર સં. ૨૪૮૫
વિ. સં. ૨૦૧૫
ઈ. સ. ૧૯૫૯

જસ્સેવમપ્પા उ हवेज्ज निच्छिओ
चइज्ज देहं न हु धम्मसासणं ।
तं तारिसं नो पइलेन्ति इन्दिया
उविंतवाया व सुदंसणं गिरिं ॥

"દેહને ભલે હું છોડી દઉં પણ ધર્મના શાસનને તો ન જ છોડું" એવા દૃઢ નિશ્ચયથી આત્માને–ભયંકર વાવાઝોડું જેમ મેરુપર્વતને ડગાવી શકતું નથી તેમ–ઇંદ્રિયો પણ કદી ડગાવી શકતી નથી.

अप्पा खलु सययं रक्खियव्वो,
सव्विन्दिएहिं सुसमाहिएहिं
अरक्खिओ जाइपहं उवेइ
सुरक्खिओ सव्वदुक्खाण मुच्चइ ॥

પાંચ જ્ઞાનેંદ્રિયો અને પાંચ કર્મેંદ્રિયો તે તમામ ઇંદ્રિયોને બરાબર સમાધિયુક્ત કરીને નિરંતર આત્માને પાપપ્રવૃત્તિઓથી બચાવ્યા જ કરવો જોઈએ, કારણ કે એ રીતે નહિ બચાવવામાં આવેલો આત્મા જ્યારે સંસારના ચક્રમાં ભટકયા કરે છે ત્યારે એ રીતે બરાબર બચાવવામાં આવેલો આત્મા તમામ દુઃખોથી દૂર રહે છે.

—મહાવીર વાણી

: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અનુક્રમણિકા


૧ સૂરીસૂક્તષોડશિકા .... .... (પં. શ્રી ધુરંધરવિજયજી) ૯૭

૨ ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા-સાર્થ .... (અનુ. મુનિરાજશ્રી હેમચન્દ્રવિજયજી) ૯૮

૩ શ્રી સીમંધર જિન સ્તવન-વિનંતિ .... (મુનિરાજશ્રી મનમોહનવિજયજી) ૯૯

૪ શ્રી વર્દ્ધમાન-મહાવીર :: ૨૩ (સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા) ૧૦૦

૫ અધૂરું સ્વપ્ન .... .... (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૦૫

૬ વ્યષ્ટિ, સમષ્ટિ અને પરમેષ્ઠિ .... (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") ૧૦૭

૭ ગીતકાર સમયસુન્દરકૃત શાન્તિનાથ સ્તોત્ર (હીરાલાલ ર. કાપડિયા M. A.) ૧૧૦



પવિત્ર પર્યુષણ પર્વમાં આરાધના માટે અતિ ઉપયોગી પ્રકાશનો

### ૧. અક્ષયનિધિ તપ વિધિ

પર્વાધિરાજ પર્યુષણને લગતાં દિવસોમાં આ તપનું સારી સંખ્યામાં આરાધન કરવામાં આવે છે. શ્રાવણ વદ ચોથથી શરૂ કરીને ભાદરવા સુદિ ચોથ એટલે કે સંવત્સરીના દિવસે આ તપની પૂર્ણાહુતિ કરવામાં આવે છે. આ પુસ્તકમાં અક્ષયનિધિ તપની સંપૂર્ણ વિધિ, ચૈત્યવંદન, સ્તવન, પૂજાની ઢાળ, ખમાસમણના દુહા, અક્ષયનિધિ તપનું મોટું સ્તવન તથા છન્દો, આ તપથી મનવાંછિત સિદ્ધિ પ્રાપ્ત કરનાર સુંદરીની રસિક કથા વિગેરે પણ આપવામાં આવેલ છે.

મૂલ્ય આઠ ત્રણ આના

વિશેષ નકલો મગાવનારે પત્રવ્યવહાર કરવો-લખોઃ-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર

### ૨. વિધિ સહિત પાંચ પ્રતિક્રમણ સૂત્ર

પ્રતિક્રમણ સૂત્રો નહીં જાણનાર તેમજ પ્રતિક્રમણની વિધિથી અજાણ ભાઈ-બહેનો માટે આ પુસ્તક અતિ ઉપયોગી છે.

આ પુસ્તક વાંચી જવાથી આપોઆપ પ્રતિક્રમણ થઈ શકે તેવી પદ્ધતિથી આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

વાંચતા જાવ અને પ્રતિક્રમણ થતું જાય. ખપીજનોએ તુરત જ આ પુસ્તક મંગાવી લેવું. મૂલ્ય માત્ર રૂપિયા બે.

લખોઃ-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૭૫ મું
અંક ૮-૯ | જેઠ—અષાડ | વીર સં. ૨૪૮૫
વિ. સં. ૨૦૧૫

# सतीसूक्तषोडशिका

## ५. कौशल्या

नयविजितसपत्नी, दशरथपत्नी, जगतिमता नररत्नप्रसूः, शुचिशीलवसुः ।
वनगततनयाश्रुः, सीताश्वश्रूः, दिनकरसमसुतविरहवती, धृतधैर्यरतिः ॥
गतभवभवदुरितं, ज्ञात्वा त्वरितं, तदुपशमाय प्रयत्नवती, परमात्ममतिः ।
परिहृतगुणशल्या, श्रीकौशल्या, समसुखदुःखा जयतितरां भुवने नितराम् ॥ ५ ॥

## ६. मृगावती

शतबलवररमणी, रूपसुरमणी, द्योतनकमिता विपदमिता, न व्रताच्चलिता ।
विहितोदयनहिता, कल्मषरहिता, चेटकनृपदुहिताऽवहिता सुकृतान्महिता ॥
प्रविहितदुष्कारा-समसंसारा, प्रव्रजिता जिनवचनरता, क्षणमनवगता ।
सतितीक्ष्णप्रणतिः, केवलमहती, मृगावती रमते परमेऽ-भयदे चरमे ॥ ६ ॥

(क्रमशः)

—પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

न्यायविशारद-न्यायाचार्य-महोपाध्याय श्रीमद्यशोविजयजीगणिविरचिता-

# ऐन्द्र-स्तुति-चतुर्विंशतिका ( सानुवादा )

अनुवादक:-मुनिराजश्री हेमचंद्रविजयजी

## श्रीसुमतिजिनस्तुतिः ॥

नम नमदसरसदमरस-
सुमतिं सुमतिं सदसदरमुदारमुदा । ( आर्यागीतिवृत्तम् )
जनिताऽजनितापदपद-
विभवं विभवं नरकान्तं नर कान्तम् ॥ १ ॥

હે નર ! દેવતાઓથી નમસ્કાર કરાયેલ, દમ-દમન રસથી યુક્ત તેમજ શોભન બુદ્ધિવાળા, સત્પુરુષોની મધ્યમાં ભયરહિત, જેમને સંસારના તાપને નહીં આપનાર મોક્ષરૂપી પદના વિભવને પ્રાપ્ત કરેલ છે, જે સંસારથી વિમુક્ત છે, જેમના આશ્રયણથી નરકનો અંત થાય છે, એવા મનોહર શ્રી સુમતિનાથ ભગવાનને તું પ્રકૃષ્ટ હર્ષથી નમસ્કાર કર. ૧

भवभवभयदाऽभयदा-
बली वलीयोदयोदयाऽमायामा ।
दद्यादद्याऽमितमित-
शमा शमादिष्टदिष्टबीजाऽबीजा ॥ २ ॥

જેઓનો કરુણાનો ઉદય બલવાન્-અનુપમ છે, જેઓ માયા અને રોગથી વિનિર્મુક્ત-મુકાયેલા છે, જેઓએ સુખને પ્રાપ્ત કર્યું છે, જેઓએ ધર્મ અને અધર્મના કારણનો ઉપદેશ આપ્યો છે, જેઓ જન્મથી રહિત છે, જેઓ સંસારમાં ઉદ્ભવ-ઉત્પત્તિના ભયને ખંડન કરનારા છે, એવા શ્રી તીર્થંકર દેવોનો સમુદાય આજે અપરિમિત સુખને આપો. ૨

दमदमसुगमं सुगमं,
सदा सदानन्दनं दयाविद्याविद ।
परमपरमस्मर ! स्मर,
महामहा धीरधीरसमयं समयम् ॥ ३ ॥

હે કરુણા શાસ્ત્રના જાણકાર ! કામના વિકારથી રહિત ! તું ઉત્કૃષ્ટ તેજવાળો તેમજ ધીરબુદ્ધિવાળો થયો છતો ઇન્દ્રિયના જયને આપનાર, મન્દબુદ્ધિવાળા જીવોને માટે દુર્બોધ, જેમાં સુન્દર ગમ-સદૃશપાઠ છે, જે સત્પુરુષોને આનન્દ આપનાર છે, જે શત્રુ-પ્રતિપક્ષીથી રહિત છે તે પ્રકૃષ્ટ રસથી યુક્ત ઉત્કૃષ્ટ સિદ્ધાન્તને હંમેશા સ્મર-સ્મરણ કર. ૩

काली कालीरसरस-
भावाभावाय नयनसुखदाऽसुखदा ।
महिमहितनुता तनुता-
दिताऽदिताऽमानमानरुच्या रुच्या ॥ ४ ॥

નયનોને આનન્દ આપનાર, દુઃખનો નાશ કરનાર, ઉત્સવ કરનારાઓવડે પૂજાયેલ તથા સ્તુતિ કરાયેલ, પ્રાપ્ત કરેલ અખંડિત અને અપરિમિત પૂજામાં જે રુચિ તેનાથી મનોહર એવા શ્રી કાલી દેવી દુર્જનતાને દૂર કરવા માટે સુખસન્તતિનો વિસ્તાર કરો. ૪



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સીમંધર જિન સ્તવન—વિનતિ

## ક્ષમાયાચના

તે મુજ મિચ્છામિ દુક્કડં-એ રાગ

સીમંધર જિન સાહિબા, અરજી કરું હું તુજને;
ભવજલ પાર ઉતારીને, મુક્તિ આપો મુજને. સીમંધર૦ ૧

દોષ ઘણા છે માહરા, વર્ણવતાં તુજ પાસ;
ક્ષમા કરજો મુજ દોષને, વિનંતિ એ મુજ ખાસ. સીમંધર૦ ૨

વચન અમૂલ્ય જિનજીતણા, ચિત્તમાં જો નવિ ધરીયા;
આણા વિરુદ્ધ વર્તન કરી, પાપે પિંડ જો ભરીયા. સીમંધર૦ ૩

જીવદયા પાળી નહિ, મૃષા વચન ભાખ્યા;
અદત્ત ગ્રહણ કર્યું બહુ, કૂડાં તોલ-માપ રાખ્યા. સીમંધર૦ ૪

બ્રહ્મવ્રત્ત લઇ મેં ભાંગીયું, પસ્તાવો છે અપાર;
કેમ છૂટીશ તે પાપથી, ખમજો આપ ઉદાર. સીમંધર૦ ૫

પરિગ્રહ ભારે હું ભર્યો, ડૂબુ ભવજલમાંહિ;
ક્રોધ માન માયા લોભથી, ખુંચ્યો કિચડ જ્યાંહિ. સીમંધર૦ ૬

રાગદ્વેષ જે ચોરટા, તેહના સંગ મેં કીધા;
કલહ કરી સદ્‌ગુણીને, કૂડા આળ મેં દીધા. સીમંધર૦ ૭

ચાડી કરી પરજનતણી, કુકર્મો મેં બાંધ્યા;
રતિ અરતિ દિલમાં ધરી, અહં મમ મંત્ર સાધ્યા. સીમંધર૦ ૮

અવર્ણવાદ બોલતાં થકાં, માયા જૂઠ હું બોલ્યો;
કુદેવ ગુરુ ધર્મ સેવતાં, સંસારસાગરમાં રૂલ્યો. સીમંધર૦ ૯

એહવા અનેક દુષ્કૃત્યો મેં, કીધાં તે તું જાણે;
માફ કરજો તે દોષને, અરજી કરું આ ટાણે. સીમંધર૦ ૧૦

કાળ અનાદિથી ભટકતો, પામ્યો મનુષ્ય અવતાર;
ત્યાં થકીના દોષને, ક્ષમા કરજો દાતાર. (ઉદાર) સીમંધર૦ ૧૧

કર્પુર સમ જિનધર્મને, પામ્યો પૂણ્ય પસાય;
મનહર તત્વત્રયીતણું, શરણું છે સુખદાય. સીમંધર૦ ૧૨

તુંહી દેવ તુંહી ગુરુ, શરણું છે પ્રભુ તહારું;
મનમોહનને તારવા, તુંહી એક છે તારુ. સીમંધર૦ ૧૩

મુનિરાજશ્રી મનમોહનવિજયજી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

લેખાંક : ૨૩

મોટાભાઈ અચળ અને બહાદુર નાનાભાઈ ત્રિપૃષ્ઠ દૂરથી સિંહની ગુફાનું એંધાણ લઈ ચાલી નીકળ્યા. એમને પ્રયાણ કરતાં ખબર પડી કે ગામડીયાઓના કહેવા પ્રમાણે સિંહને પરિવારમાં અન્ય કોઈ હતું નહિ, આખા વનમાં સિંહ એકલો જ હતો અને છતાં એની ગર્જના આખા જંગલને ધ્રુજાવી નાખતી હતી. ખેડૂતો તો આ યુવાનોની ધીરજ અને ધૃષ્ટતા જોઈ આશ્ચર્ય પામતા હતા, ત્યાં તો ત્રિપૃષ્ઠ અને અચળ જાણે લહેરથી ફરવા નીકળી પડ્યા હોય તેમ રથમાં બેસી આગળ વધતા ચાલ્યા. તેમના કહેવા પ્રમાણે સારથી રથ આગળ ચલાવતો હતો. અંદર રથમાં બેઠા બેઠા બંને ભાઈઓ અત્યાર સુધી આવી ગયેલા રાજાઓની નિર્બળતા પર હસતા હતા. એક સિંહને માટે હાથીઓ અને પદાતિઓનો પહેરો રાખવો, એ કામ માટે રથોની મોટી સંખ્યા રાખવી એમાં એમને સરિયામ નબળાઈ લાગી. એમને મન આ સિંહ જાણે એક રમકડું જ હતો. બંને ભાઈઓ રથમાં બેસી આગળ વધ્યા. તેમની પાસે હથિયાર પણ સારી સંખ્યામાં હતાં. તેમનો સારથિ ઘણો ચાલાક અને રસ્તાનો માહિતગાર હતો.[1] ખેડૂતો અને ગ્રામ્યજનો બંને ભાઈની ધૃષ્ટતા પર હાસ્ય કરતા રહ્યા અને બંને ભાઈ આગળ વધ્યા. લોકો પણ ઝાડ પર ચઢી શું થાય છે તે દૂર દૂરથી જોવા લાગ્યા અને આજે જરૂર કાંઈ નવાજૂની થશે એની રાહ જોતાં ચેષ્ટા જોવા લાગી ગયા. આવું કાંઈ કુતૂહલ હોય ત્યારે લોકોનો રંગ ખૂબ જામે છે, કરનાર કરતાં ટીકાકારો હંમેશાં મોટી સંખ્યામાં હોય છે અને કાંઈ ધમાલ હોય ત્યારે લોકોને નોતરાં દેવાં પડતાં નથી કે તેડાં મોકલવા પડતા નથી. ચારે તરફથી સેંકડો લોકો ઝાડ પર અને ગુફાની ઓથે, ટેકરાની પાછળ કે સુરક્ષિત ઉચ્ચ ભૂમિ પર રમત જોવા એકઠા થઈ ગયા અને તુંગગિરિ જીવતો પર્વત બની ગયો.

અને વાત ગમે તેવી ગંભીર કે ગભરામણ કરે તેવી હોય, પણ જ્યાં માણસ એકઠાં થાય ત્યાં ગડબડ થયા વગર રહે જ નહિ અને કોઈ બોલતા નહિ, ચૂપ રહેજો—એમ કહેવામાં પણ મોટો અવાજ કરી નાખે. જંગલના સિંહે લોકોનો અવાજ સાંભળ્યો, ઘોંઘાટ સાંભળ્યો, એટલે એ પણ વગર દરકારે ગુફાની બહાર નીકળ્યો. એનો અત્યંત ભયંકર દેખાવ, એના મુખમાંથી બહાર નીકળતી જિહ્વા, એની ભયંકર કેસરા, એના તીક્ષ્ણ નખો, એની અતિ ભયંકર દાઢો અને સખત પંજા, દૂરથી દેખાડી શકે તેવાં સુઘટ્ટ અંગોને દાખવતો એ ગુફાની બહાર નીકળ્યો. એણે દૂરથી જોયું કે રથમાં બે યુવાનો પોતાની ગુફા તરફ ચાલ્યા આવે છે, સાથે નથી લશ્કર કે નથી હાથીઓ, નથી ઘોડા કે નથી પાયદળ. એટલે સિંહને તો મનમાં એમ થયું કે કોઈ ભાનભૂલા રસ્તો ભૂલી આ માર્ગે આવતા હશે. પણ ત્યાં તો બંને ભાઈ પૈકી ત્રિપૃષ્ઠે આગળ વધીને પડકાર કર્યો. જેવો પડકાર કર્યો કે સિંહ સમજી ગયો કે કોઈ બે જવાનો મરવા માટે જ આવે છે.

સિંહને આ દેખાવ જોઈને ભારે નવાઈ લાગી. અત્યાર સુધી આ તુંગગિરિ પર કોઈ જીવતો માણસ આતરવાની પણ હિંમત કરતો નહોતો અને આ તો સીધા ગુફા તરફ રથમાં આવે છે, એના ઘોડા હણહણે છે અને સારથિ સાથે વગર ચિંતાએ વાતો કરે છે. ત્યાં તો સારથિ ગુફા તરફ આંગળી ચીંધતો દેખાય છે એટલે સિંહને ખાતરી થઈ કે આજે તો પોતાને પેટ પૂરતું ભક્ષ્ય મળી રહેશે. એને પોતાની શક્તિ પર એટલો ભરોસો હતો કે એના મનમાં ચિંતાનો સવાલ જ નહોતો. સિંહ ગુફાની બહાર

---

1. આ સારથિ શ્રી ગૌતમસ્વામીનો જીવ હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આળી વગર ચિંતાએ જાણે સૂતો હોય તેમ અવજ્ઞાપૂર્વક કૃત્રિમ નિદ્રાથી સૂઈ ગયો. એનો ભયંકર દેખાવ દૂરથી બંને ભાઈઓએ જોયો. એનું આખું શરીર સુશ્લિષ્ટ દેખાયું, એના કાન માથા સાથે સારી રીતે જોડાયલા દેખાયા, અને દૂરથી એનો આખો દેખાવ ઘણો ભયંકર લાગ્યો પણ બંને કુમારમાંથી એકેય હૃદય નામમાત્ર પણ ફરક્યું નહિ, એમના દિલમાં સિંહની ધાક જરા પણ લાગી નહિ અને પોતે જરાપણ મુશ્કેલીભરેલા સંજોગોમાં આવી પડ્યા છે એવી કલ્પના પણ થઈ નહિ. એ તો શેરીમાં રમતા હોય કે ગામમાં ફરતા હોય એમ વાતો કરવા લાગ્યા અને બીજી વખત સિંહને ત્રિપૃષ્ઠે પડકાર કર્યો. આ પડકાર કરવામાં પણ પોતે કાંઈ મોટું કામ કરે છે એમ ત્રિપૃષ્ઠને લાગતું નહોતું, એ તો જાણે શેરીમાં તોફાની કૂતરાને હડાવતી વખતે જેટલી તિરસ્કારની નજરે જુએ તેટલી તેનામાં ચકળતા દેખાતી હતી, સિંહને હવે થયું કે આ આવનાર સાધારણ નથી એટલે એ તુરત ખડો થઈ ગયો અને એણે પોતાના લાંબા પુચ્છને મોટા અવાજથી પૃથ્વી સાથે અફાળ્યું. ઈંદ્રનું વજ્ર પર્વત પર પડે અને મોટો અવાજ થાય તેવો મોટો અવાજ થયો. અને તેની પાછળ તુરત જ સિંહે મોટી ગર્જના કરી. આખા તુંગગિરિને ફાડી નાખે એવી ગર્જના સાંભળી કે ત્રિપૃષ્ઠ સાવધાન થઈ ગયો.

## જંગલના સિંહ અને પુરુષસિંહ વચ્ચેનું ધર્મયુદ્ધ

સિંહની ભયંકર ગર્જના સાંભળી દૂર દૂર ઝાડ પર કે ટેકરીની ટોચ પર રહેલા લોકો તો ધ્રૂજી ગયા અને તેમના આખા શરીર પર પસીનો આવી ગયો. જાણે ઝાડ પર બેઠા બેઠા જ તેઓ ખલાસ થઈ જશે એવી ગભરામણમાં પડેલા તેઓ તો ચકળ-વકળ આંખે જોઈ રહ્યા, કોઈની આંખે અંધારા આવી ગયા અને કોઈ તો જાણે પોતે ઝાડ પરથી પડી જશે એવી બીકે ડાળીને વધારે આકરી પકડથી બાથ ભીડી ગયા. પણ ત્રિપૃષ્ઠ કે અચળના મન પર ગર્જનાની જરા પણ અસર થઈ નહીં, ત્રિપૃષ્ઠે મોટા ભાઈ અચળને કહ્યું 'આર્ય! હું બેઠો છું ત્યાં તમારે આવા પશુ સંબંધી ચિંતા કરવાની ન હોય, તમારે જરા પણ તસ્દી લેવાની જરૂર નથી. હું એને હમણાં ખલાસ કરું છું.'–આટલું ભાઈ પ્રત્યે કહી સારથિને એણે હુકમ આપ્યો કે રથ ખડો કરે. સારથિએ રથ ઊભો રાખ્યો. સારથિનું કાર્ય અંદર બેસનાર હુકમ આપે તેનો અમલ કરવાનું હોય છે. એ પોતાની અક્કલ વાપરી શકે નહિ. સારથિ ત્રિપૃષ્ઠના હુકમનો આશય વિચારે કે સમજે તે પહેલાં તો ત્રિપૃષ્ઠે રથમાંથી જમીન પર કૂદકો માર્યો, તે વખતે તેની પાસે એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ઢાલ હતા. એણે પોતાના મનમાં વિચાર કર્યો કે સિંહ પગે ચાલે છે. (પદાતિ છે) અને ધર્મનીતિમાં સરખાનું સરખા સાથે યુદ્ધ કહ્યું છે, પગપાળા પાળા સાથે લડે, ઘોડેસ્વાર સ્વાર સાથે લડે, હાથીવાળો હાથીવાળા સામે લડે એ ધર્મયુદ્ધ કહેવાય. લડાઈમાં કોઈપણ પ્રકારનો સામા ઉપર લાભ લેવો એ અયોગ્ય મનાતું હતું. સામાની ઊંઘનો લાભ લઈ રાત્રે છાપો મારવો, સામો લડવા તૈયાર ન હોય ત્યારે એને ખબર ન પડે તેમ પછવાડેથી ઘા કરવો, સામાની નજર ચૂકવી અંતરીક્ષમાંથી તેના પર વસ્તુ ફેંકવી એ સર્વ અધર્મયુદ્ધ ગણાતું હતું અને મહાબાહુ ત્રિપૃષ્ઠ યુદ્ધનીતિનો જાણકાર હોવા ઉપરાંત પોતાને માટે આકરા નિયમ કરનાર અને તેનું કડક પાલન કરનાર હતો. ક્ષત્રિય ધર્મ પ્રમાણે રથી–રથમાં બેઠેલ પદાતિ સાથે યુદ્ધ ન કરે, એટલે પોતે પગપાળા સિંહ સામે પદાતિ થઈ ગયો.

અને વીરવ્રતધારી ત્રિપૃષ્ઠને વધારે વિચાર થયો કે સિંહ પાસે હથિયાર નથી, તો પોતે તેની સામે હથિયારનો ઉપયોગ કરવો એ પણ અનુચિત ગણાય અને પોતાની પાસે તો ઢાલ તરવાર હતાં. એણે રથમાંથી ઉતરવાની સાથે ઢાલ તરવાર ફેંકી દીધાં. વિચાર કરવાનો વખત નહોતો, પણ આવા કટોકટીના સમયે પણ ત્રિપૃષ્ઠ ન્યાય ન ચૂક્યો. અચળના જવાબની રાહ જોયા વગર એ કેશરી સિંહની તરફ દોટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂકી દોજો, સિંહે ગર્જના કરી છલંગ મારી. એની ગર્જનામાં વીર્ય હતું, એની પ્રચંડતામાં શૌર્ય હતું, એની દોટમાં નિર્ભયતા હતી. 'આવ બચ્ચાજી ! તારી લડવાની ચળ ભાંગી નાંખુ,' એમ બોલી તેની સામે ત્રિપૃષ્ઠે દોટ મૂકી. સિંહે બરાબર લાગ જોઇ છલંગ મારી, કસરતી પહેલવાન શરીરવાળા ત્રિપૃષ્ઠે છલંગને ચૂકાવી દીધી, પણ એના પગના નહોર પોતાને ન ભરાવી શકે એટલા માટે પગને પંજા ઉપરથી પકડી સિંહને ચત્તોપાટ પાડી દીધો. ત્રિપૃષ્ઠ કુસ્તીમાં ભારે બહાદુર હતો અને દાવપેચ જાણનાર હતો, એટલે ચત્તા પડેલા સિંહે ઊભા થઇ જેવી જીભ બહાર કાઢી અને ડાચા ઉઘાડ્યા કે ત્રિપૃષ્ઠે તેની સામે થઇ બે ડાચાં બે હાથે પકડી લીધાં અને જીભને ખેંચી લઇ બંને જડબાંને વચ્ચેથી નાંખ્યા. સિંહને આ ઊગતા યુવકની ધૃષ્ટતા જોઇ આશ્ચર્ય થયું, પડકાર થતો જોઇ પોતે ઉશ્કેરાયો પણ જોતજોતામાં એના રામ રમી ગયાં અને એનું ફાટેલ ડાચું જમીન પર પડ્યું તે જ વખતે સિંહને મનમાં થયું કે આ બાળક કોઈ અભિનવ ચીજ છે, એ વગર હથિયારે પોતાનું ડાચું પકડી એના બે ટુકડા કરશે એવી તો એને કલ્પના પણ આવેલી નહિ.

અને હકીકત એમ છે કે સિંહ અથવા વાઘ સામાનો શિકાર કરે કે આક્રમણ કરે ત્યારે મુખ ઉઘાડું રાખી જીભ બહાર કાઢે છે અને એની લાંબી જીભ લટકતી હોય છે. જનાવરોના અભ્યાસીઓ જાણે છે કે જો એક વાર એની જીભને પકડી લેવામાં આવે તો સિંહની કે વાઘની તાકાત ચોથા ભાગની થઈ જાય છે અને એવી દશામાં સિંહ કે વાઘને પકડવો સહેલો થઈ પડે છે, પણ મુશ્કેલી જીભને પકડવાની છે, જો લાગ ફાવે અને જીભ પકડાઈ જાય તો સિંહ કે વાઘ કબજામાં આવે છે, પણ એની ત્રાપમાં સામો માણસ આવી જાય તો જીભ લેવા જતાં પોતે આખો ખલાસ થઇ જાય છે. આ કિસ્સો ત્રિપૃષ્ઠ જાણતો હતો. એણે સિંહની ત્રાપ ચૂકવી દીધી. એણે ચૂકેલા સિંહની જીભ પકડી ખેંચી લીધી અને નબળા બનેલા સિંહના બંને જડબાને ડાબા જમણા હાથથી પકડી ડાબા હાથ નીચે જીભને કાઢી નીચેનું જડબું પકડી લીધું અને જમણા હાથે ઉપરનું જડબું પકડી ફાડી નાખ્યું. સિંહ પોતે તો રમત માત્રમાં ફૂટતી જુવાનીવાળા બાળકને ખલાસ કરશે એમ માનતો હતો અને એણે અનેક માણસોના ભોગ લીધા હતા, તેને આવો બાળક જેવો લાગતો નવજવાન હરાવી દે અને પોતે લોહી નાખતો જમીન પર પછડાય એ વાત જ ભારે વિચિત્ર લાગી. એ તડફડતો જમીન પર પડ્યો અને એના મુખમાંથી લોહી વહી જતું હતું ત્યાં રથનો સારથિ આગળ આવ્યો, તેણે દૂર દૂર ઝાડ પર ઉભેલા અને ટેકરી પરથી પરાક્રમ નિહાળતા લોકોનો જય જયારવ સાંભળ્યો હતો, એણે અચળના આશ્ચર્યકારક ઉદ્ગારો સાંભળ્યા હતા, એની સ્વામીભક્તિ અને અદ્ભુત પરાક્રમ એને ત્રિપૃષ્ઠ તરફ આકર્ષી રહ્યા હતા, સિંહની પીંગળી આંખો ફાટી જતી હતી, એના ગૌરવનો ભંગ થતા એના વદન પર મ્લાનતા આવી હતી, એના શરીર પર ધ્રૂજારો થઈ રહ્યો હતો, એના તરફ નજર કરી સારથિએ કહ્યું 'સિંહરાજ ! તારે શરમાવાનું કશું કારણ નથી. તને લાગે છે કે આ તાજા નવજવાન જેવા બાળકે તારો જીવ લીધો તેમાં તારી હલકાઈ થઈ છે, પણ એવું કશું નથી, એના મુખમાં હજુ માતાનું દૂધ છે તેથી તે બાળક છે એમ તને લાગતું હશે. વળી એણે હથિયાર છોડી દીધાં એટલે આવા બાળકથી તારો પરાભવ થવાને કારણે તને ખેદ થતો હશે. પણ તું એને બાળક ન ધારતો. એ તો આ યુગમાં પ્રથમ વાસુદેવ છે, એના જન્મ વખતે સર્વ આગાહીઓ થઈ છે અને તે ખરી પડતી જાય છે, તું જંગલનો સિંહ છે તો એ પુરુષસિંહ છે. આવા પુરુષવૃષભને હાથે તારું મૃત્યુ થયું તેમાં તારે નીચું જોવાપણું નથી, તારે તો ઉલટું ગૌરવ લેવા જેવું છે.' કેશરીસિંહે આ શબ્દો સાંભળ્યા, એને કાંઇક શાંતિ થઇ, થોડો તડફડાટ કરી એ શાંતિથી મરણ પામ્યો અને નારકીમાં ઉત્પન્ન થયો. આખી જિંદગી હિંસાનાં કાર્યો પર આજીવિકા કર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાર, અનેક પશુ અને મનુષ્યનો વધ કરનાર અને માત્ર તામસગુણનો જ સંગ્રહનાર પ્રાણીને છેવટે ભાગે નરકવાસો જ મળે છે. સિંહ તો આ રીતે ખલાસ થયો, તુંગગિરિ ઉપરનો ચાલુ ભય એ પ્રકારે દૂર થયો અને મનુષ્યને તથા જનાવરોને નિર્ભયતા પ્રાપ્ત થઈ.

ત્રિપૃષ્ઠને ધન્યવાદ–ત્રિપૃષ્ઠને મન તો આ સર્વ રમત માત્ર હતી. એણે કાંઈ પરાક્રમ કર્યું હોય કે મોટું અદ્ભુત કામ કરી નાખ્યું હોય એવું પણ એને લાગ્યું નહિ. એ તો તડફડતા અને લોહી વહેતા સિંહને છોડીને અચળભાઈ પાસે આવ્યો અને પોતે જાણે એક નજીવું કામ પતાવી ભાઈ સમક્ષ હાજર થયો હોય તેમ તેને કહેવા લાગ્યો કે "ચાલો ભાઈ! સિંહને ઠેકાણે પાડી દીધો. આપને હવે તસ્દી લેવાની જરૂર નથી." આશ્ચર્ય પામેલા અચળે તો નાનાભાઈને વધાવી લીધો, પોતાની બાથમાં લઈ એના તરફ સ્નેહ બતાવ્યો અને સારથિને રથ ચલાવવાનો હુકમ આપવા જાય છે ત્યાં તેને માલૂમ પડ્યું કે સારથિ તો સિંહ પાસે પહોંચી ગયો છે અને તેને સંબોધીને કાંઈ બોલે છે. દૂર હોવાને કારણે એમણે સારથિના શબ્દો સાંભળ્યા નહિ પણ સારથિ પાછો આવે ત્યાં તો સેંકડો લોકો ઝાડ પરથી અને આજુબાજુના ટેકરાઓ ઉપરથી આવવા લાગ્યા અને તુંગગિરિ પર મોટો મેળો જામી ગયો.

ચારે દિશાઓથી ચાલ્યા આવતા લોકોની ત્રિપૃષ્ઠ અવજ્ઞા ન કરી શક્યો, પણ એના મુખ પર કોઈ મોટું કામ કર્યાનું ગૌરવ કે અભિમાન જણાતું નહોતું. લોકોએ પોતાની ગામડીઆ ભાષામાં ખૂબ સંતોષ બતાવ્યો, તેમની હંમેશની ચાલુ અગવડ દૂર કરવા માટે જાણે પોતે ઘણા અહેસાનમંદ હોય એમ બતાવ્યું અને કેટલાક વૃદ્ધો ત્રિપૃષ્ઠના માથાને સુંઘવા લાગ્યા, જુવાનો એને પગે પડ્યા અને ખૂબ આનંદમાં આવી નાચવા–કૂદવા લાગ્યા. આ આનંદ પ્રસંગના ખબર સિંહપુર પહોંચતા ત્યાંથી પણ અનેક માણસો આવી પહોંચ્યા. દરમ્યાન કોઈ માણસો એ સિંહનું ચામડું તૈયાર કર્યું હતું અને તે ત્રિપૃષ્ઠને આપતા હતા ત્યારે માલૂમ પડ્યું કે સિંહ પણ ઘણો વિકરાળ, મોટો અને પુષ્ટ હતો. એની લંબાઈ એંશી ધનુષ્યની હતી અને તે સમયના સાધારણ સિંહ કરતાંય દોઢી હતી. આવા સિંહને વગર હથિયારે ખલાસ કરનાર ત્રિપૃષ્ઠની નજીક જ્યારે સિંહપુરના મુખી પટેલે હર્ષ બતાવ્યો ત્યારે સિંહનું ચામડું તેને સુપ્રત કરતાં માત્ર ત્રિપૃષ્ઠ એટલું જ બોલ્યો "મુખીજી! આ સિંહચર્મ તમે લો, તમારા રાજા અશ્વગ્રીવને ભેટ મોકલજો અને એને કહેવરાવજો કે હવે એ પેટ ભરી ભરીને શાળ ખાય. હવે એની શાળમાં કોઈ આડો નહિ આવે." પટેલ તો બાપડા ભલા માણસ હતા, એ તો રાજી રાજી થઈ ગયા, એને ખાતરી હતી કે મહારાજા અશ્વગ્રીવ પાસે પોતે હાજર થશે અને તેને આ સિંહચર્મ અર્પણ કરશે ત્યારે મહારાજા તેના ઉપર પ્રસન્ન થશે અને લોકોને, જનાવરોને અને મુસાફરોને રંજાડ કરનારના થયેલા નાશ માટે ખૂબ સંતોષ બતાવશે એટલે આ ચર્મ ત્રિપૃષ્ઠે પોતે રાખવાની વિજ્ઞપ્તિ કરવાનો એણે વિવેક પણ ન કર્યો અને રાજા પાસે પોતાનું ગૌરવ વધારવાની આશામાં સાધારણ સભ્યતા પણ ચૂકી ગયો, એણે તો સિંહચર્મનો સ્વીકાર કરી લીધો. ત્રિપૃષ્ઠને આખા બનાવમાં પોતે કાંઈ પરાક્રમ કર્યું છે એવું જરા પણ લાગ્યું નહિ. સાધારણ નિયમ એવો છે કે સિંહને જે મારે તે પોતાના વિજયચિહ્ન તરીકે સિંહનું ચામડું પોતાની પાસે રાખે અને પોતે રાજા કે ગરાસદાર હોય તો પોતાના મુખ્ય મહેલના મધ્યગૃહમાં વિજય–પરાક્રમના પ્રદર્શન તરીકે રાખે પણ ત્રિપૃષ્ઠને એવો દેખાવ કરવાની આકાંક્ષા નહોતી અને હજુ એની સામે તો મોટી જિંદગી હતી, એટલે અત્યારથી આવા સંઘરા કરવા માંડે તો તો એનો મહેલ ભરાઈ જાય. એને મન તો બનેલ બનાવ રમત માત્ર હતી. એણે સિંહચર્મ વગરસંકોચે પટેલને આપ્યું. આ વખતે એક વાત નોંધ લેવા લાયક બની. ગમે તે કારણે એને પોતાના સારથી તરફ

For Private And Personal Use Only

અજબ આકર્ષણ થયું, એની રથ ચલાવવાની ઢબમાં ત્રિપૃષ્ઠને પ્રાવિણ્ય લાગ્યું, એના આજ્ઞાંકિતપણામાં ત્રિપૃષ્ઠને ભક્તિભાવ દેખાયો, એની મિતભાષિતામાં ત્રિપૃષ્ઠને મહાવિવેક લાગ્યો અને એની અંદર ભેસ-નાગણોને સમજવાની અને અનુસરવાની કળામાં ત્રિપૃષ્ઠને વિશિષ્ટ સેવાભાવ દેખાયો.

હવે ત્રિપૃષ્ઠ કે અચળને સિંહપુરમાં રહેવાનું કાંઇ કામ નહોતું, સિંહપુર એકાદ દિવસ રહી તેઓ પોતનપુર જવા તૈયાર થઇ ગયા. તે વખતે સમાચાર મોકલવાનાં સાધનમાં ખાસ ખેપીયા મોકલવાની રીત હતી. ત્રિપૃષ્ઠ અને અચળ બીજે જ દિવસે નીકળી પોતનપુર જવાના હતા એટલે એમણે ખેપાઓ મોક-લ્યો નહિ, એટલે થોડા દિવસ બાદ જ્યારે પોતાની નાની ટુકડી સાથે અચળ અને ત્રિપૃષ્ઠ પોતનપુર પાછા આવ્યા ત્યારે પ્રજાપતિ રાજા તેમના પ્રત્યા-ગમનથી ભારે આશ્ચર્ય પામ્યા. બંને પુત્રો પિતા સમક્ષ વિનયથી ઊભા રહ્યા એટલે પ્રજાપતિએ જ વાત શરૂ કરી 'અરે અચળ! તમને તો અશ્વગ્રીવની આજ્ઞા પ્રમાણે શાલી ખેતરોની રક્ષા કરવા મોકલ્યા હતા, તે કામને રખડતું મૂકીને આવ્યા?' પિતાનો આવો સવાલ સાંભળી અચળે સંક્ષેપમાં વાત કહી બતાવી કે શાલિના ખેતરોનો બચાવ તો સિંહથી કરવાનો હતો, સિંહની રંજાડ એનું કારણ હતું અને એ સિંહને ભાઈ ત્રિપૃષ્ઠે પૂરો કર્યો. આ વાત સંક્ષેપમાં મુદ્દાસર રીતે અચળે પિતાશ્રી પાસે કહી સંભળાવી અને ત્રિપૃષ્ઠના સંબંધમાં તેની હાજરીમાં તેના બળ-પરાક્રમ માટે પ્રશંસા કરી.

પ્રજાપતિને બંને પુત્રો ઉપર ખૂબ વાત્સલ્ય હતું, બાપ જ્યારે પુત્રોમાં અરસપરસ પ્રેમ જુએ, એક બીજા તરફ વહાલ જુએ ત્યારે તેને ખૂબ આનંદ થાય છે. પુત્રો અરસપરસ લડે નહિ, એક બીજાનું માન ખાટી જવાની ખોટી હરિફાઈ કરે નહિ અને પિતા તરફ વિનયથી વર્તે ત્યારે પિતાને અંતરથી ઉમળકા આવે છે, પોતાના જીવનની ધન્યતા લાગે છે અને પુત્રો તરફ તેમનું અધિક આકર્ષણ થાય છે. પ્રજા-પતિએ જ્યારે અચળના મુખે ત્રિપૃષ્ઠની પ્રશંસા સાંભળી ત્યારે એને શેર શેર લોહી ચઢ્યું, એણે તુંગગિરિના સિંહની ભયંકરતા અને વિકરાળતાની ઘણી વાતો સાંભળી હતી અને તેથી તેની કોઇ પ્રકારની અશનાઈ (અટકચાળું) ન કરવાની પોતે છોકરાઓને વિદાય કરતી વખતે ભારોભાર ભલામણ કરી હતી. એવા દેશપ્રસિદ્ધ ભયંકર સિંહને ત્રિપૃષ્ઠે વગર હથિયારે મારી નાંખ્યો એ વાત જાણી પ્રથમ દૃષ્ટિએ રાજા પ્રજાપતિને ખૂબ આનંદ થયો, પરાક્રમી પુત્રો માટે એને મનમાં ભારે ગૌરવ થયું અને પુત્રોનો અંદર અંદરનો મેળ જોતાં એઓ જરૂર પરાક્રમી નીવડશે એવી એને ખાતરી થઈ. એણે તો તુરત મૃગાવતીને ત્યાં બોલાવી, રાજ્યના અમલદારોને એકઠા કર્યા અને પોતાના મુખેથી જરા પણ પ્રશંસા કર્યા વિના આનંદ પ્રસંગ ઉજવ્યો, પોતનપુરમાં સર્વને હર્ષ થયો અને પ્રજાપતિ રાજાની પ્રજા (સંતતિ) સંપીલી અને પરાક્રમી થઈ તેને માટે લોકોને આનંદ થયો. (ચાલુ)

સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

**પ્રભાવિક પુરૂષો :: ભાગ ત્રીજો** —— લેખક : **શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી**

શ્રીયુત ચોકસીની સર્વેને ગમી જાય તેવી કલમથી લખાયેલા બે ભાગોની જેમ આ ત્રીજો ભાગ પણ લોકપ્રિય નીવડ્યો છે. આ ત્રીજા વિભાગમાં પૂર્વધર ત્રિપુટી, સમ્રાટ્ ત્રિવેણી અને બંધુબેલડીની કથા ગૂંથવામાં આવી છે; જે વાંચતા અદ્ભૂત રસ મળે છે. શ્રદ્ધાનાં નૂર જેવી આ દરેક કથાઓ અવશ્ય વાંચવા યોગ્ય છે. આશરે સાડાત્રણસો પાનાના પાકા બાઈંડીંગના આ ગ્રંથની કિંમત રૂા. સાડાત્રણ. લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ ધૂ રું સ્વ પ્ન

લેખક : શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

## રાગી-ત્યાગીની મિત્રતા

જેમ જેમ દિવસ વીતતા ગયા, તેમ તેમ આ યુવાન સાધુની વાણીમાં આકર્ષણ વધતું ગયું. વ્યાખ્યાન શરૂ થવાની ઘડી પૂર્વે ઉપાશ્રયમાં પગ મૂકવાની જગા રહેતી નહીં! નર-નારી અને બાળગણથી સારુંયે સ્થાન ભરાઈ જતું! ઉપદેશનું રહસ્ય મુનિશ્રી એવા રીતે સમજાવતા કે શ્રોતાઓને એ હૃદયમાં બરાબર ઠસી જતું. ભાષા સરળ તેમજ જે સમયે જે રસથી અલંકૃત કરવાની હોય, તે રસ એમાં હોય જ.

બન્યું એવું કે પૂર્વકાળની મૈત્રીને યાદ કરી આ મુનિશ્રીનો એક મિત્ર શોધતો શોધતો ગુરુમહારાજ પાસે આવી પહોંચ્યો. ગુરુમુખથી ખબર પડી કે પોતાના મિત્ર તો આજે સુપ્રસિદ્ધ વ્યાખ્યાતા બની ગયા છે અને હજારોના આકર્ષણરૂપ થઈ પડ્યા છે. તેમની શક્તિના પ્રત્યક્ષ દર્શન કરવા પેલા મિત્ર પહોંચ્યા વ્યાખ્યાનસભામાં. વિષય કોઈ પ્રબન્ધમાંના પ્રેમી-યુગલના જીવનનો હતો અને એમાં મુનિશ્રી એવું તો શૃંગારપૂર્ણ વર્ણન કરી રહ્યા હતા કે એ સાંભળવા શ્રોતાગણ, મૃગ જેમ વીણાના રાગમાં લીન બની જાય તેમ એકતાર બન્યો હતો. મિત્ર પણ એક સ્થાને ગુપચૂપ બેસી ગયો. માંડ ઘડી થઈ ત્યાં તો એ એકદમ ઉઠ્યો અને સભાસ્થાન છોડી બહાર આવ્યો. સ્વતઃ બોલવા લાગ્યો કે-આ તે કોઈ જૈન સાધુ છે કે પ્રેમલીલાનો વેશ ભજવતો નટ છે! મારા મિત્રનું આટલી હદે પતન થયું છે! ત્યાગનો સ્વાંગ સજનાર આ પ્રકારના શૃંગારવર્ણનમાં ઓતપ્રોત બને ખરો? ગુરુમહારાજ તો શિષ્યમોહમાં મુગ્ધ બની બારોબાર પ્રશંસાના પુષ્પો વેરે છે! મારે તેમને ચેતવવા જોઈએ. આવો નિશ્ચય કરી સર્વ વૃત્તાન્ત ગુરુને કહી બતાવી, પોતે પુનઃ આવતી કાલે આવશે એમ જણાવી વિદાય લીધી.

વ્યાખ્યાનની સમાપ્તિ પછી જ્યાં યુવાન ઉપદેશક ગુરુ પાસે આવે છે ત્યાં પહેલો પ્રશ્ન ગુરુશ્રી તરફથી થાય છે-

વત્સ! આજે કયા વિષય ઉપર વિવેચન ચલાવ્યું?

પૂજ્યશ્રી, વૃત્તાન્ત પ્રેમી-યુગલનું આવ્યું એટલે અન્ય રસ ગૌણ કરી આજે શૃંગારરસ પૂર્ણ રીતે ખીલવ્યો હતો.

હં, તેથી જ તારા જૂના મિત્રને વહેમ ઉપજ્યો અને તું માર્ગપતિત છે એવી શંકા જન્મી.

આપશ્રી તો પતિત નથી માનતા ને?

ના, ના, તારામાં ઉપદેશલબ્ધિ હું જોઈ રહ્યો છું એટલે શંકાને સ્થાન ન જ સંભવે છતાં વડીલ તરીકે એટલું જરુર કહું કે આપણા આચારની મર્યાદા તારે સતત ચક્ષુ સામે રાખવી.

પૂજ્યશ્રી આપની એ શિખામણ હું નહીં ભૂલું. મારા મિત્રને ઉપજેલ શંકા આવતી કાલે જ નાશ પામે તેવું હું કરીશ. આપની પાસે આવે અને એની ઈચ્છા ન હોય તો પણ કાલે જરૂર એને વ્યાખ્યાનસભામાં મોકલશો.

બીજે દિવસે ગુરુમહારાજને વંદન કરી પેલા મિત્રે પ્રશ્ન કર્યો-મહારાજશ્રી, શિષ્યને કંઈ ઠપકો આપ્યો કે ચાલે છે તેમ ચાલવા દીધું. મને તો આશા હતી કે આપ એને આજે ઉપદેશ માટે રજા નહીં આપો.

ભાઈ, બાળક અને શિષ્યને સુધારવા હોય તો એ કામ ઉતાવળે ન થાય. એમાં લાંબી નજર દોડાવી ધીરજથી ડગ ભરવા ઘટે. આજે તું જરૂર સભાસ્થાને પહોંચી જા. જે કંઈ સાંભળ તે મને કહેજે. કદાચ ત્હારી ઈચ્છા ન હોય તો પણ મારા કહેવાથી જા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સભાસ્થાનમાં પેલો ક્ષત્રિય મિત્ર આવ્યો ત્યારે કોઈ જુદું જ વાતાવરણ જોવામાં આવ્યું. મહારાજ જાણે કોઈ યુદ્ધનું વર્ણન કરી રહ્યા હતા. પોતે ક્ષત્રિય હોવાથી આ વર્ણન શ્રવણ કરવામાં સહજ રસ ઉદ્ભવ્યો. મુનિશ્રીની વાણી એવી રીતે વહેવા માંડી કે ઉત્તરોત્તર શ્રોતાઓને એમાં અધિકાધિક રસ પડવા લાગ્યો. મહારાજશ્રી પણ જાણે એક મહાન્ સેનાપતિ હોય અને સમરાંગણ પર પોતાના સૈનિકોને યુદ્ધનું શાસ્ત્ર સમજાવતા હોય એવી રીતે વીરરસ વર્ણવી રહ્યા. વચમાં વર્ણન એવા બિન્દુએ પહોંચ્યું કે ક્ષત્રિયમિત્રનો હાથ સહજ પોતાની બાજુ ઉપર મૂકેલી તલવાર પર ગયો અને પોતે જાણે સાક્ષાત્ યુદ્ધભૂમિમાં હોય એવો ભાસ થયો. મુનિશ્રીએ આ દૃશ્ય જોયું અને તરત જ વાણીના પ્રવાહને એવી રીતે વાળ્યો કે અલ્પ સમયમાં સિનેમાના ચિત્રપટ માફક સારુંયે દૃશ્ય બદલાઈ ગયું અને શ્રોતાઓ પુનઃ શાંતરસમાં મગ્ન બની ગયા! ક્ષત્રિયમિત્ર જ્યાં પલટાયેલી સ્થિતિનો વિચાર કરે છે ત્યાં એના કાને મુનિશ્રીના નિમ્ન શબ્દો પડ્યાઃ મહાનુભાવો! નીતિકારનું કથન છે કે–अप्रतिबद्धे श्रोतरि वक्तुर्वाक्यम् प्रयाति वैफल्यम् અર્થાત્ સાંભળનારાઓનું ચિત્ત ઠેકાણે ન હોય તો વક્તાના વાક્યોનું કંઈ પરિણામ આવતું નથી અને કથન નિષ્ફળ જાય છે. એ કારણે જ્ઞાની ભગવંતોએ ઉપદેશકમાં અમુક ગુણ હોવા જોઈએ એ વાત ઉપર ભાર મૂક્યો છે એટલું જ નહીં પણ ઉપદેશ દેવાની લબ્ધિને વખાણી એનો નંબર આઠ પ્રભાવકમાં ગણ્યો છે. ઉપદેશક જો શ્રોતાઓનું આકર્ષણ ન કરી શકે તો એ એની નબળાઈ ગણાય. ઉપદેશની સાચી શક્તિ ત્યારે જ જન્મે કે જ્યારે એનું વાંચન વિશાળ હોય અને જે સમયે જે રસ પીરસવો ઘટે તે પીરસવાની એનામાં શક્તિ હોય. એ નવરસનો જાણ હોય. રસના વર્ણન સમયે એ ઓતપ્રોત બને તો જ ધારી અસર સાંભળનારા ઉપર પડે પણ એથી એની ત્યાગવૃત્તિને ખલેલ પહોંચતી નથી. અલબત્ત એ ત્યાગ જ્ઞાનગર્ભિત હોઈ, અંતરના ઊંડાણમાંથી પ્રગટ્યો હોવો ઘટે. ઉપરછલ્લો ત્યાગ નથી તો પ્રતિજ્ઞા પાળી શકતો કે નથી તો પ્રભાવના કરી શકતો.

એ પછી **સર્વમંગલરૂપ** મંગલિક થતાં જ પેલો ક્ષત્રિયમિત્ર ઝટપટ દોડી મુનિશ્રીના ચરણમાં પડ્યો અને આગળના દિવસે પોતે તેમના માટે જે વહેમના વમળમાં અટવાઈ, ગુરુજીને કાને જે વાત પહોંચાડી હતી એ માટે દિલગીરી દર્શાવી ક્ષમા માગવા લાગ્યો.

પછી મોટેથી બોલી ઉઠ્યો કે–એક વખતના સહાધ્યાયી એવા મારા બાળમિત્રમાં અભ્યાસના બળે આટલી હદે જ્ઞાનગરિમા પેદા થઈ છે એ મેં પ્રત્યક્ષ જોયું, મારી શંકા નાશ પામી ગઈ.

મહાનુભાવ, ભલે તમને એમ જણાય છતાં હું તો એ સમયનો **બપ્પભટ્ટી મુનિ જ** રહ્યો છું જ્યારે તમો તો રિસાયેલા રાજપુત્ર મટી આજે ખુદ કન્યકુબ્જ(કનોજ)ના રાજવી **આમ** બન્યા છો. **સંયમમાર્ગ**માં જ્ઞાન અને ક્રિયા સિવાય મને અન્ય **અભ્યાસ** ન જ હોય.

મુનિરાજ મને સાચો આનંદ તો ત્યારે જ થશે કે મારા બાલસાથી મુનિ મટીને **સૂરિપદવીથી** અલંકૃત થશે. એ માટેની મારી વિનતી **ગુરુમહારાજ** અવશ્ય સાંભળશે. યોગ્યને યોગ્ય સ્થાન મળવું ઘટે.

હું મનમાં વિચારી રહ્યો કે આ તો પ્રભાવિક એવા **બપ્પભટ્ટસૂરિ** અને **આમરાજાનો** જે પ્રબંધ ઉપદેશપ્રાસાદમાં આવે છે એનો શરૂઆતનો પ્રસંગ અને જ્યાં બાજુની તકતીમાં નજર કરું છું ત્યાં તો વાંચવામાં આવ્યું કે–

વિક્રમ **સં. ૮૦૮ થી ૮૯૬** દરમીઆન ઉપર જે વર્ણન કરેલ છે તે ઉભય મિત્રો વચ્ચે ચમત્કારી પ્રસંગો બન્યા અને જૈન શાસનની પ્રભાવનાના એ નિમિત્તરૂપ બન્યા. **આમરાજા** કનોજના પ્રતિહાર વંશનો નાગભટ બીજો એ નામે ખ્યાતિ પામેલો પરાક્રમી રાજવી હતો. બપ્પભટ્ટીસૂરિએ એને પ્રતિબોધી જૈન ધર્મી બનાવ્યો હતો. એ રાજવીએ અનેક દેશો

For Private And Personal Use Only

# વ્યષ્ટિ, સમષ્ટિ અને પરમેષ્ટિ

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

આપણે દરેક જણ વ્યષ્ટિ અગર વ્યક્તિરૂપે છીએ, અને આપણો જ્યારે સમુદાય એકત્ર મળે છે ત્યારે એ સમષ્ટિ ગણાય છે. અને આપણું ઇષ્ટ સાધ્યબિંદુ પરમેષ્ટિ છે. આ સંસારરૂપી ચક્રમાંથી આપણું વ્યક્તિત્વ ભૂલી તેને સમષ્ટિરૂપમાં ફેરવવું પડે છે. એટલે આપણને જેવું સુખ અગર દુઃખ થાય છે તેવું જ બીજાઓને પણ થાય છે અને થતું હોવું જોઇએ એવી ભાવનાથી બીજાના સુખદુઃખમાં આપણે સહભાગી થવું જોઇએ. અર્થાત્ આપણા કોઇ પણ કાર્યથી બીજાઓને દુઃખ ન થાય તેવી સાવચેતી આપણે રાખવી જોઇએ. બીજાના સુખમાં આપણે પણ સુખાનુભવ કરવો જોઇએ, પણ આમ બનતું નથી. આપણે હંમેશા પોતાનું વ્યક્તિત્વ જ જોઇએ છીએ. અને એને જે સુખ આપે એ જ કાર્ય આપણે મુખ્યપણે સ્વીકારીએ છીએ. આપણે પોતાને જ આ જગતનું કેંદ્રબિંદુ માની બધું આપણા સુખ માટે જ છે અગર હોવું જોઇએ એમ માનીએ છીએ. આપણી આસપાસ જે વસ્તુઓ જોઇએ છીએ એ એવી જ મૂળ સ્વરૂપે છે અને એમાં પરિવર્તન થવાનું નથી એમ માની તેને સ્થિર સ્વરૂપે ગણીએ છીએ અને એવી માન્યતાને લીધે જ એવી વસ્તુઓમાં જ્યારે પરિવર્તન થાય છે ત્યારે આમ કેમ થયું? એમ વિચારમાં પડી આપણે ખેદ અનુભવીએ છીએ. દરેક વસ્તુમાં ક્ષણે ક્ષણે પર્યાય બદલાતા રહે છે એ વસ્તુ આપણે પોતાની અજ્ઞાનતાને લીધે ભૂલી જઇએ છીએ. આપણે પોતે એક વખત બાળક હતા,

---

કરેલા હતા એમ ગ્વાલીયરની પ્રશસ્તિ જણાવે છે. કનોજમાં સો હાથ ઊંચો જિનપ્રાસાદ બંધાવી એમાં અઢાર ભાર સુવર્ણ વજનની **શ્રી મહાવીર પ્રભુની** પ્રતિમા ગુરુમહારાજ **બપ્પભટ્ટીસૂરિ** દ્વારા પ્રતિષ્ઠિત કરાવી હતી. તેમની જ વિનંતીથી શિષ્ય એવા **બપ્પભટ્ટીમાં** વિદ્વત્તા ને **સરસ્વતીની પ્રસન્નતા** જોઇ ગુરુમહારાજે સૂરિ પદવી આપી હતી. તેઓશ્રીના ઉપદેશથી ગોપગિરી(ગ્વાલિઅર) પર પણ ૨૩ હાથ ઊંચી **શ્રી મહાવીરસ્વામીની** પ્રતિમા બિરાજમાન કરી હતી. આ બપ્પભટ્ટીસૂરિએ ગૌડ(બંગાળ) દેશની રાજધાની **લક્ષ્મણાવતી**માં પધારી ત્યાંના રાજવી **ધર્મ**ને ઉપદેશ આપી **આમરાજા** સાથે જે વિરોધ હતો તે દૂર કરાવી, ઉભયને મિત્રો બનાવ્યા હતા. સૂરિમહારાજે વર્ધનકુંજરનામા **બૌદ્ધવાદીને** જીતવાથી **ધર્મરાજાએ** 'વાદીકુંજરકેશરી' એ નામનું બિરુદ સૂરિજીને આપ્યું હતું. મથુરાના શૈવ **વાક્પતિને** જૈન ધર્મનું સ્વરૂપ **સમજાવી** સાચા માર્ગે આણ્યો હતો. **બપ્પભટ્ટીસૂરિએ** શાસનની પ્રભાવનાના કેટલાયે કાર્યો કર્યા હતા. **આમરાજાએ** સૂરિજીના ઉપદેશથી વિ. સં. ૮૨૬ના અરસામાં કનોજ, મથુરા, અણહિલપુર, પાટણ, સત્તારકનગર, તથા મોઢેરા આદિ શહેરોમાં જિનાલય બંધાવ્યાં હતા. **શત્રુંજય** તથા **ગિરનાર** તીર્થોના સંઘ કાઢ્યા હતા. ગિરનાર તીર્થનું વર્ણન સાંભળી આમરાજાએ **પ્રભુશ્રી અરિષ્ટનેમીના** દર્શન કર્યા પછી જ પારણું કરવાનો નિયમ ધારેલો, પણ પહોંચતા વિલંબ થવાના કારણો બન્યા. રાજવીને શરીર ઉપર ક્ષુધાની અસર જણાવા માંડી ત્યાં સૂરિજીના પ્રભાવથી સ્થંભતીર્થમાં ખુદ **નેમીશ્વરના** દર્શન સાંપડ્યા. જીરાલાપાડામાં આવેલ મોટા દેવાલયના હેઠળના ભાગે આજે પણ એ બાવીશમા તીર્થપતિ વિરાજમાન છે. બાકી એવી નોંધ મળે છે કે આમ રાજવીના સંઘ સમયે દિગંબર અને શ્વેતાંબર વચ્ચે ગિરનાર તીર્થ હક સંબંધી ઝઘડો થયો હતો એ વેળા **બપ્પભટ્ટીજીની** વિચક્ષણ શક્તિથી સુંદર તોડ નીકળ્યો હતો અને એ તીર્થ શ્વેતાંબરોનું જાહેર થયું હતું.

(ક્રમશઃ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી યુવાન થયા, અજ્ઞ મટી ડાહ્યા થયા, દ્રવ્ય વિનાના હતા અને પછી ધનવાન થયા. અનેક ભોગસાધનો મેળવ્યા અને છેવટ વૃદ્ધ થયા. એની સાથે સાથે આ ભવ પૂર્ણ કરી આ શરીર મૂકી બીજું નવું શરીર ધારણ કરવાના છીએ, એ નિશ્ચિત અને અનુભવસિદ્ધ વસ્તુ પણ ભૂલી જઇએ છીએ. જે શરીરનો આપણે આટલો બધો મોહ રાખીએ છીએ, તે શરીરમાંથી ક્ષણે ક્ષણે પરમાણુઓ અત્યંત વેગથી વિખેરાઇ રહ્યા છે અને નિત્ય નવા પરમાણુઓ ત્યાં આવી વસી રહેલા છે, એ સંપૂર્ણ સત્ય વસ્તુ પણ ભૂલી જઇએ છીએ. એ સમજવા માટે એક દૃષ્ટાંત આપણે વિચારીએ.

એક નાની તલાવડી જેવું જલાશય હતું. પૂર્ણિમાનો રજનીવલ્લભ પોતાની સંપૂર્ણ કલાઓ સાથે પ્રકાશી રહેલો હતો. પાણીમાં તેનું મનોહર પ્રતિબિંબ જણાતું હતું. એક રમતિઆળ બાળક તળાવડીના કિનારે બેસી એ બિંબ પાણીમાં જોઈ રહેલો હતો. એણે એક લાકડીથી પાણીમાં આઘાત કર્યો. પેલું ચંદ્રબિંબ ખંડિત થઈ ગયું. એના અનેક કકડાઓ થયા અને પાણીમાં વિખેરાવા માંડ્યા. એ જોઈ બાળકને મજા પડી. એણે એ ચંદ્રબિંબને વારંવાર ફોડી નાખી તેના કકડા કરવા માંડ્યા. પણ ક્ષણવારમાં એ બિંબના કકડા ફરી એકત્રિત થાય અને ફરી વિખેરાવા લાગે. આવો ખેલ ચાલ્યો હતો એટલામાં પવન જોરથી આવ્યો. બાળક પાછળ ધકેલાઇ ગયો અને ચત્તો પડી ગયો. પવન શાંત થયો અને બાળકે આંખ ઉઘાડી એટલામાં આકાશમાં ચંદ્રમા એના પૂરા તેજથી ઝળહળી રહ્યો હતો એ તેના જોવામાં આવ્યો. પાણીમાં વિવિધરૂપે ખંડવિખંડ થઇ જણાતો હતો એ જ ચંદ્રમા છે એવી એની ખાત્રી થઇ. એ દૃષ્ટાંત ઉપરથી સિદ્ધ થાય છે કે, જગતમાં જણાતી બધી વસ્તુઓ જે હાલમાં જણાય છે તે જ તેનું મૂળ સ્વરૂપ નથી. એ તો ક્ષણજીવી બદલાતા તેના પર્યાયો છે. બીજા દૃષ્ટાંત આપણે લઈએ. એક જ માણસ કોઇનો બાપ હોય છે ત્યારે બીજાનો દીકરો હોય છે. કોઇ એને ભાઇના નામે બોલાવે છે ત્યારે બીજો એને બનેવી માને છે. એકનો સસરો થાય છે ત્યારે કોઇનો એ જમાઇ હોય છે. આમ એક જ માણસ ઉપર પરિસ્થિતિ અને સંયોગોના બદલાવાથી જુદા જુદા નાતરાઓનું આરોપણ થતું આપણે જોઇએ છીએ. વાસ્તવિકમાં એ માણસ બધા જુદા જુદા ભાવોમાં એક જ હોય છે ત્યારે આપણને પોતાને ઓળખવું હોય તો આપણું મૂળ સ્વરૂપ શું છે એ આપણે ઓળખવું જોઇએ. સાથે સાથે આપણે એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે આપણને એકેંદ્રિયથી લગાવી પંચેંદ્રિય આદિ ચોરાશી લાખ જીવયોનીઓમાં પ્રવાસ કરી ચૂકયા છીએ. અનેક વેશ, અનેક રૂપ અને અનેક સંયોગોમાં અનેક ભાવનાઓનો અનુભવ આપણે લીધેલો છે. એટલા માટે જ મનુષ્યભવનું મહત્ત્વ મોટું જણાવવામાં આવે છે. માટે આપણે પોતે શરીર કે બીજી કોઇ વસ્તુ નહીં પણ આત્મા છીએ. નિરાલંબ, શુદ્ધ, બુદ્ધ છીએ. પણ અનેક જાતના આવરણોને લીધે આપણું મૂળ સ્વરૂપ પારખી શકતા નથી. અને તેને લીધે જ અજ્ઞાનજન્ય ભ્રમમાં આપણે આપણું પોતાનું મૂળ સ્વરૂપ ભૂલી ગએલા છીએ. એ સ્વરૂપ ઓળખવાનો થોડો પણ આપણે પ્રયત્ન કરીએ તો આપણું વ્યકિતત્વ પ્રગટી નિકળે અને એ પ્રગટ થતા આપણી જગત તરફ જોવાની દૃષ્ટિમાં મોટો ફેર પડી જાય. આ જગત મૂળ તો આત્મા જ છે, આ જણાતી ભિન્નતા એ ભાસમાન અને ઠગારી છે, સત્ય નથી એવો પ્રત્યય થતાં આપણું વ્યકિતત્વ જુદું તરી આવે તેમ છે. અને તેની ઉપરના આવરણોનો પ્રત્યય આપણને આવવા માંડે અને એમ થતાં એ આવરણો ખસેડવાનું આપણને જરૂર જણાય. અને યથાવકાશ એ આવરણો જો દૂર થાય ત્યારે આપણું ક્ષેત્ર આ ખાબોચિયા જેવડું ટૂંકું નથી, પણ આપણું ક્ષેત્ર વિશાલ છે, આપણું જ્ઞાન અગાધ છે. આપણે આ દેહરૂપી પીંજરામાં પૂરાએલ બંદીવાન નથી પણ અખંડ અવ્યાબાધ, અજર, અમર એવા આત્મા છીએ એવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાની થશે. અને અનુભવ થતાં આપણા આનંદની સીમા રહેશે નહીં, માટે આપણે આપણા વ્યક્તિત્વને અર્થાત્ આપણને પોતાને જ ઓળખતા શીખવું જોઈએ.

વ્યક્તિત્વને આપણે જાણવું હોય ત્યારે સમષ્ટિરૂપ આત્માને આપણે જાણવું પડે છે. અને એવે પ્રસંગે વ્યક્તિત્વને આપણે ભૂલી જવું પડે છે. જ્યારે આપણે એવું જાણતા થઈએ કે, હું એ બીજો કોઈ નહીં પણ સમષ્ટિનો એક અંશ-ભાગ છું અને બધાઓના સુખમાં મારું પોતાનું સુખ સમાએલું છે, તેથી જ કોઈ દુઃખી જણાતા તેના દુઃખમાં સહભાગી થવું અને બીજાનું દુઃખ બની શકે તેટલા પ્રમાણમાં ઓછું કરવું. અને એમ કરવામાં જ પોતે આનંદિત થવું. એક સુભાષિતકારે કહ્યું છે કે–

अयं निजः परो वेत्ति गणना लघुचेतसां ।
उदारचरितानां तु वसुधैव कुटुंबकम् ॥

અર્થાત્ ટૂંકા મનવાળા, હલકા વિચારવાળાઓ 'આ મારું અને આ પારકું' એવું માનતા હોય છે, ત્યારે ઊંચા મનવાળા–ઉદાર વૃત્તિવાળા માણસો આખી દુનિયાને પોતાના કુટુંબીઓ તરીકે માને છે. બીજાને દુઃખ થતાં તે પોતાને જ થાય છે એમ માને છે, અને બીજાના ઉત્કર્ષમાં પોતાનો જ ઉત્કર્ષ છે એમ માને છે. આમ કરવામાં પોતાનું વ્યક્તિત્વ અનાયાસે ભૂલી જવાય છે. અને પોતે આ વિશ્વના એક અણુ માત્ર છે એમ માનવામાં આપણું મન વિશાલ થાય છે, અને આપણે સમષ્ટિરૂપ બની જઈએ છીએ. મહાત્માઓ એવો વિચાર કરે છે કે, મારી સગવડો સાચવતા રખે બીજાને અગવડ થઈ જાય! એમ વિચાર કરવાથી એ પોતે અગવડ વેઠીને પણ બીજાની સગવડ સાચવવા મથે છે. અર્થાત્ બીજાઓનું સુખ એ જ પોતાનું સુખ ગણતા એ પોતે જ સુખરૂપ થઈ જાય છે.

પોતાનું વ્યક્તિત્વ કાયમ રાખવા છતાં જ્યારે માણસ સમષ્ટિરૂપ થઈ જાય છે ત્યારે તેના આત્માની ભવ્યતા અને વિશાલતા વધતી જ રહે છે. અને એને લીધે એની દરેક હીલચાલ અને એનો એકેએક શબ્દ બીજાઓને માર્ગદર્શક થઈ જાય છે. એટલું જ નહીં પણ એની મુખાકૃતિ પણ સ્વાભાવિક રીતે વિનય અને નમ્રભાવ શીખવે છે. એની આંખમાં પણ એવું તેજ ચળકી ઉઠે છે કે, વગર શબ્દના ઉચ્ચારથી પણ અનેક લોકો બોધ પામી જાય છે. ગમે તેવો વિરોધી વિચાર ધરાવનારો પણ તેમની સામે પોતાનો અહંકાર ભૂલી નતમસ્તક થઈ જાય છે. અને એમના દર્શન માત્રથી પોતાના અનેક સંશયોનો ઉકેલ મેળવી જાય છે. એવા સંત-મહાત્મા આગળ ક્રોધથી ધમધમતો કોઈ હોય તે પણ શાંત થઈ જાય છે, એવું પ્રભાવશાળી વ્યક્તિત્વ તેમનામાં પ્રગટી નીકળે છે. એટલા માટે જ એવા જ્ઞાની, યોગી, સંત-મહાત્માના બધે વખાણ થાય છે, અને એમના ગુણકીર્તન થાય છે. એવા સંતની ચરણરજ પોતાના માથે ધરવા બધા ઉત્સુક બને છે. એવા ગુરુજનોની પ્રશંસા તેઓ પરલોકમાં ગયા હોવા છતાં અખંડપણે ચાલુ જ રહે છે. આવી હોય છે પોતાનું વ્યક્તિત્વ ભૂલી સમષ્ટિસ્વરૂપ બનેલા મહાત્માઓની ગુરુતા! પોતાની ડિંડિમ પોતાના જ હાથે વગાડનારા અને પોતાની બિરૂદાવલીના ગાન કરનારા, અને બહુમાન માગી લેનારા સંત બૂવોની વાત અમે નથી કરતાં. અમે તો નિરપેક્ષ આત્માનંદમાં મસ્ત રહેનારા મહાત્માની વાત કરીએ છીએ.

આમ સ્વત્વને ગૌણ કરી સમષ્ટિરૂપ થઈ જનારા મહાત્માઓની ગણના પરમેષ્ઠિમાં મૂકવા જેવી થાય એમાં જરાએ સંદેહ નથી, એવા સંત, ત્યાગી, સંયમી અને નિરિચ્છ મહાત્માઓથી જ આ પૃથ્વી રત્નગર્ભા ગણાય છે. એવા પરમ પુરુષો જ આ પૃથ્વીના ભૂષણરૂપ છે. ફક્ત વેશ ફેરવી અનેક વિકારોને પોષતા રહેનારા લોકો માટે અમારે કાંઈ પણ કહેવાનું છે જ નહીં.

આપણે પ્રત્યક્ષ દાખલો લઈ આપણો વિચાર વિશદ્ કરીએ. પરમપાવન ગણધર પ્રભુ ગૌતમ ગણધરનો જ દાખલો એ માટે આપણને ઉપયોગી થઈ પડે તેવો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાન શ્રી મહાવીરસ્વામીનો મેળાપ થવાના પહેલા ગૌતમ ઋષિ પરમ જ્ઞાની તો હતા જ. જ્ઞાનમાં તેમને જીતી જાય એવો કોઇ પંડિત હતો જ નહીં તેથી જ તેઓ પોતાને અજિંક્ય માનતા અને મનાવતા હતા. એ વસ્તુસ્થિતિ હતી. ભગવાનના દર્શન માત્રથી એક ઝીણો પડદો તેમના આત્મજ્ઞાનના આડે હતો. પ્રભુએ એ પડદો ચીરી નાખતા ઝગહળતું વ્યક્તિત્વ પ્રગટ થયું. અને ગણધર ભગવંતે પોતાનું સાચું સ્વરૂપ જોઈ લીધું, તેઓ અનેકોને ઉપદેશ આપે અને તેઓ કેવળજ્ઞાનીઓની પંક્તિમાં બિરાજમાન થઈ જાય, એ ચમત્કાર જોઇ તેઓના આશ્ચર્યનો પાર ન રહ્યો, તેઓ દીન વદને ભગવંતને પૂછવા માંડ્યા: આ શું ? મારા શિષ્યો ગણાતા ક્ષણવાર ઊંચે જઇ બેસે અને હું હજુ રખડ્યા કરું એ કેવો ચમત્કાર ? ગણધર ભગવંતનું વ્યક્તિત્વ સંપૂર્ણ રીતે ખીલી ચૂક્યું હતું. પણ તે હજુ સમષ્ટિરૂપ થવાનું બાકી હતું. પ્રભુ શ્રી મહાવીર ઉપર તેમની અનન્ય ભક્તિ હતી. અને તેથી તેઓ ભગવંત મહાવીર સિવાય બીજુ કાંઇ પણ જોઇ શકતા ન હતા. તેમની દૃષ્ટિને મર્યાદા પડી હતી અને તેથી જ તેઓમાં સમષ્ટિનું રૂપ પ્રગટ થએલું હતું નહીં. ભગવંત મહાવીરનો દેહ જ્યાં સુધી તેઓ જોઈ રહ્યા હતા ત્યાં સુધી તેઓની દૃષ્ટિ રુંધાઈ ગઈ હતી. તેમાં વિશાલપણું કે સમષ્ટિનું દર્શન શક્ય બન્યું ન હતું, પણ જ્યારે ભગવંત મહાવીર એ નશ્વર દેહ મૂકી સાદિઅનંત પદમાં વિલીન થઇ ગયા ત્યારે જ ગણધર ભગવંતની દિવ્ય આંખ ઉઘડી અને તેમને લોકાલોકપ્રકાશક દિવ્યજ્ઞાન પ્રગટ થયું. અને તેઓમાં સમષ્ટિનું સાચું સ્વરૂપ પ્રગટ થયું અને એને લીધે જ તેઓનું સ્થાન પંચપરમેષ્ટિમાં સ્થિર થયું, એ ઉપરથી આપણે તારવી શકીએ કે, આપણે વ્યક્તિત્વની ઓળખાણ મેળવી તેમાંથી સમષ્ટિની પરિણતિ મેળવવી જોઇએ. એટલે જ આ આત્માની પરમેષ્ટિપદમાં યોજના થઈ શકે છે. આ જીવનનું એ સારસર્વસ્વ છે, એ ધ્યાનમાં રાખી પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખવી એ આપણી ફરજ છે. બધા સુબુદ્ધ આત્માઓને એ ઓળખાણ સુલભ થાય, એ જ સદિચ્છા.

# ગીતકાર સમયસુન્દરકૃત શાન્તિનાથસ્તોત્ર

લે. પ્રો. **હીરાલાલ** ર. કાપડિયા એમ. એ.

જૈન સાહિત્ય એ એની વિપુલતા, વિવિધતા અને વરેણ્યતાને લઇને ભારતીયાદિ સાહિત્યમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે. એના સર્જનમાં જે જૈન શ્રમણોનો સબળ અને નોંધપાત્ર ફાળો છે તેમાંના એક તે સમયસુંદર છે. એઓ વિ. સં. ૧૬૧૫ ની આસપાસમાં જન્મ્યા હશે એમ લાગે છે. 'પ્રાગ્વાટ' જ્ઞાતિના **રૂપસિંહ** એમના પિતા થાય છે અને **લીલાદેવી** એમના માતા થાય છે. એમની સાંસારિક અવસ્થા દરમ્યાનના નામ અને વિદ્યાભ્યાસ વિષે માહિતી હજુ સુધી તો મળી આવી નથી.

સમયસુન્દરે વિ. સં. ૧૬૩૦ ના અરસામાં દીક્ષા લીધી હશે એમ મનાય છે. મોગલસમ્રાટ અકબરના સમસમયી અને સમ્માન્ય જિનચન્દ્રસૂરિએ એમને દીક્ષા આપી હતી. એઓ 'ખરતર' ગચ્છના હતા. સમયસુન્દરે પોતાની કેટલીક કૃતિઓમાં પોતાને સકલચન્દ્રના શિષ્ય તરીકે ઓળખાવ્યા છે. એમણે નિમ્નલિખિત આઠ અક્ષરની-શ્લોકના એક ચરણની ઓછામાં ઓછા આઠ લાખ અર્થ રજૂ કરતી જે **અર્થરત્નાવલી** નામની[1] વૃત્તિ વિ. સં. ૧૬૪૯ માં સંસ્કૃતમાં રચી છે તેમાં પોતાના વિદ્યાગુરુઓ તરીકે જિનસિંહસૂરિ ( મહિમરાજ વાચક ) અને **સમયરાજગણિ**નો[2] ઉલ્લેખ કર્યો છે:-

"राजा नो ददते सौख्यम्"

---

૧ આ વૃત્તિ મેં સંપાદિત કરી છે અને એ અન્ય અનેકાર્થી કૃતિઓ સહિત "દે. લા. જૈ. પુ. સંસ્થા" તરફથી ઇ. સ. ૧૯૩૩ માં પ્રકાશિત કરાઇ છે.

૨ આવો ઉલ્લેખ વિ. સં. ૧૬૪૧ માં રચાયેલા **ભાવશતક**માં પણ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સમયસુન્દરે** દીક્ષા લીધી ત્યારબાદ તેમને ગણિ, વાચનાચાર્ય અને ઉપાધ્યાય એમ ઉત્તરોત્તર પદવી તો મળી હતી, પણ જેમ એમના જન્મસમય અને દીક્ષાવર્ષ વિશે સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી તેમ આ પદવીપ્રદાન વિષે એમની કોઇ કૃતિમાં ઉલ્લેખ અદ્યાપિ મળ્યો નથી. બાકી એ વાત ચોક્કસ છે કે એઓ વિ. સં. ૧૬૪૧માં તો 'ગણિ' પદથી અને વિ. સં. ૧૬૭૨ માં 'ઉપાધ્યાય' પદથી વિભૂષિત હતા. એઓ વિ. સં. ૧૬૪૯ માં 'વાચનાચાર્ય' બન્યા હોવાનું મનાય છે. સ્વ. મો. દ. દેશાઈના કથન મુજબ એઓ વિ. સં. ૧૬૪૯ માં ઉપાધ્યાય બન્યા હતા.

**સમયસુન્દરે** સંસ્કૃત, પાઇય, ગુજરાતી, રાજસ્થાની, હિન્દી અને સિન્ધીમાં કેટલીક કૃતિઓ સ્વતંત્ર સ્વરૂપે રચી છે એટલું જ નહિ, પણ અન્યકર્તૃક જૈન તેમજ અજૈન કેટલીક કૃતિઓની સંસ્કૃતમાં ટીકાઓ પણ રચી છે. આમ એમનો કૃતિકલાપ વિશાળ અને વિવિધ પ્રકારનો છે એટલે એની ખાસ કરીને ભાષા, વિષય અને રચનાસમય એ ત્રણેની અપેક્ષાએ ભિન્ન ભિન્ન વર્ગીકરણ કરવાપૂર્વક એમની તમામ કૃતિઓનો કંઈ નહિ તો મિતાક્ષરી પરિચય અપાવો ઘટે. એ દરમ્યાન એમની અપ્રકાશિત કૃતિઓ (દા. ત. **ભાવશતક** અને એની સ્વોપજ્ઞ વૃત્તિ) પ્રસિદ્ધ થવી ઘટે.

**સમયસુન્દર** વિષે આથી વિશેષ પરિચય અહીં ન આપતાં એમણે જે ત્રણ પદ્યનું સંસ્કૃતમાં [1]**શાન્તિનાથસ્તોત્ર** રચ્યું છે તે હું હવે રજૂ કરું છું:-

"शान्तिनाथं भजे शान्तिसुखदायकं
नायकं केवलज्ञानगेहम् ।
कर्ममल[2]पङ्ककादम्बिनीसन्निभं
गगनसागरधनुर्मानदेहम् ॥ १ ॥–शान्ति०
कनकपङ्कजकदम्बेषु सञ्चारिणं
कारिणं सम्पदां भागधेयम् ।
अत्रिसुतवाहनेनाङ्कितं जिनवरं
पापकुम्भीनसे वैनतेयम् ॥ २ ॥–शान्ति०
विकटसङ्कटपयोराशिघटसम्भवं
विश्वसेनाङ्गजं विश्वभूपम् ।
सौख्यसन्तानवल्लीविताने घनं
समयसुन्दरसदानन्दरूपम् ॥ ३ ॥–शान्ति०

આ સ્તોત્રનો કોઈએ ગુજરાતીમાં અનુવાદ કર્યો હોય અને એ પ્રકાશિત થયો હોય એમ જાણવામાં નથી. એથી હું આ સ્તોત્રનો નીચે મુજબ [1]અનુવાદ કરું છું:-

શાન્તિ અને સુખને આપનારા, નાયક, કેવલજ્ઞાનના ગૃહરૂપ, કર્મરૂપ મળના કાદવ(ના પ્રક્ષાલનને) વિષે મેઘની માળા સમાન, ચાલીસ ધનુષ્ય પ્રમાણ શરીરવાળા, સુવર્ણના કમળોનાં સમૂહોને વિષે સંચરનારા, સમ્પત્તિઓના ભાગ્યને કરનારા, અત્રિના પુત્રના એટલે કે ચન્દ્રના વાહનથી અર્થાત્ મૃગથી અંકિત, જિનોમાં ઉત્તમ, પાપરૂપ કુંભીનસ (સર્પનો નાશ કરવામાં) ગરુડ (જેવા), વિકટ સંકટરૂપ સમુદ્ર(નું પાન કરવામાં) અગસ્ત્ય, વિશ્વસેનના પુત્ર, વિશ્વના નૃપતિ એટલે કે ચક્રવર્તી, સૌખ્યના સન્તાનરૂપ વેલનો વિસ્તાર (કરવામાં) મેઘ (સમાન), સમય એટલે કે સિદ્ધાન્તવડે સુન્દર અને શુભ આનન્દરૂપ એવા **શાન્તિનાથને** હું ભજું છું.

ઉપર્યુક્ત લઘુ સ્તોત્રમાં **શાન્તિનાથની** અન્ય તીર્થંકરો સાથે સમાનતા ધરાવનારી જે કેટલીક બાબતો રજૂ કરાઈ છે તેમાં તીર્થંકરો સુવર્ણના કળશ ઉપર ચરણ મૂકી સંચરે છે એ બાબત હું અહીં નોંધું છું. **શાન્તિનાથને** અન્ય તીર્થંકરોથી ભિન્ન દર્શાવનારી વિગતો નીચે મુજબ છે:-

૧ આ નામ મે યોજ્યું છે. આ નાનકડી કૃતિ **સમયસુન્દરકૃતિ કુસુમાંજલિ** (પૃ. ૧૦૩-૧૦૪)માં છપાયેલી છે. અહીં એનો "શ્રી શાન્તિનાથગીતમ્" તરીકે ઉલ્લેખ છે.

૨ ઉપર્યુક્ત મુદ્રિત પુસ્તકોમાં 'सन्नमं' પાઠ છે તે કેવી રીતે સમુચિત ગણાય?

૧ આ અનુવાદ કરતી વેળા ત્રણે પદ્યના અંતમાંની 'शान्तिनाथं भजे' પંક્તિ હું જતી કરું છું.

For Private And Personal Use Only

(૧) એમનું શરીર ૪૦ ધનુષ્ય જેટલું ઊંચું હતું.

(૨) એમને મૃગનું લાંછન હતું.

(૩) એમનાં પિતાનું નામ વિશ્વસેન હતું.

(૪) એઓ ચક્રવર્તી હતા. એમના પછીના બે તીર્થંકરો પણ ચક્રવર્તી બન્યા હતા.

આ વિગતોમાં એમના શરીરનો વર્ણ સુવર્ણના જેવો પીળો હતો, એમનું આયુષ્ય એક લાખ પૂર્વનું હતું, એમની માતાનું નામ અચિરા હતું અને એમણે કબૂતરની રક્ષા એક ભવમાં કરી હતી એ વિગતો ઉમેરી શકાય.

**વિશિષ્ટતાઓ:**–ઉપર્યુક્ત સ્તોત્રની નીચે પ્રમાણેની બાબતો નોંધપાત્ર છેઃ–

(૧) આ સ્તોત્રનાં ત્રણે પદ્યો અર્થદૃષ્ટિએ સંલગ્ન છે. આમ આ સ્તોત્ર વિશેષકનું ઉદાહરણ પૂરું પાડે છે.

(૨) અહીં "ગગન–સાગર" એવા શબ્દાંકનો ઉપયોગ સંખ્યા દર્શાવવા માટે કરાયો છે. ગગનથી 'શૂન્ય' અને સાગરથી 'ચાર' અને 'સાત' એમ જે બે અંક સુચવાય છે તે પૈકી ચાર અત્ર અભિપ્રેત છે.

(૩) વૈદિક હિન્દુઓની નિમ્નલિખિત પૌરાણિક માન્યતાઓને અહીં સ્થાન અપાયું છેઃ–

(અ) ચન્દ્ર એ અત્રિ ઋષિનો પુત્ર થાય છે અને મૃગ એ એનું વાહન છે.

(આ) અગસ્ત્ય ઋષિનો જન્મ ઘડામાંથી થયો હતો અને એઓ એક વેળા સમુદ્ર પી ગયા હતા.

(૪) કુંભીનસનો ઉલ્લેખ સામાન્યતઃ કોઈ કાવ્યમાં ભાગ્યે જ છે. આ શબ્દ **અમરકોશ**માં જણાતો નથી, પરંતુ **અભિધાનચિન્તામણિ** (કાંડ ૪, શ્લો. ૪૭૦)માં છે. **અભિધાનચિન્તામણિ**ની સ્વોપજ્ઞ વિવૃતિ ( પૃ. ૫૨૫ )માં 'કુંભીનસ'ની વ્યુત્પત્તિ દર્શાવતાં કહ્યું છે કે એ સર્પનું નાક કુંભી અર્થાત્ ઘડા જેવું છે. એક સંસ્કૃત–અંગ્રેજી કોશમાં આ સર્પને 'ઝેરી' કહ્યો છે. આ સર્પ વિષે વિશેષ માહિતી કોઈ ગ્રન્થમાં હોય તો તે જણાવવા સહૃદય સાક્ષરોને મારી સાદર વિજ્ઞપ્તિ છે.

(૫) પ્રત્યેક પદ્યના દ્વિતીય અને ચતુર્થ ચરણ અંત્ય પ્રાસથી અલંકૃત છે.

(૬) આ સ્તોત્રનો રાગ 'કેદારો' છે. આમ આ 'ગેય' કૃતિ છે. બાકી પ્રત્યેક પદ્યના અંતમાં "शान्तिनाथं भजे" એવી પંક્તિ કર્તાએ જ રચી હશે કે કેમ તે જાણવું બાકી રહે છે.

(૭) આ સ્તોત્રના અંતિમ પદ્યના અંતિમ ચરણમાં શ્લેષદ્વારા કર્તાએ પોતાનું નામ સૂચવ્યું છે. આવું કુશળતાભર્યું કાર્ય એમના કેટલા પુરોગામીઓએ તેમ જ કેટલાક ઉત્તરવર્તી લેખકોએ પણ કર્યું છે.


## માનવજીવનનું પાથેય

સંક્ષિપ્તમાં છતાં સરસ શૈલીએ તેમજ વચ્ચે વચ્ચે ટૂંકી ટૂંકી કથાઓ આપીને આ પુસ્તકમાં શ્રાવક જીવનને ઉપયોગી વિષયોનું સારી રીતે વિવેચન કરવામાં આવ્યું છે. એકંદર ત્રેવીશ વિષયોનો આ પુસ્તિકામાં સમાવેશ કર્યો છે.

શીલીકે નકલો ઘણી ઓછી છે. એંશી પાનાંના આ પુસ્તકનું

**મૂલ્ય માત્ર આઠ આના**

લખો :–શ્રી જૈનધર્મ પ્રસારક સભા–ભાવનગર

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભાગવતી દીક્ષા

ભાવનગર–કૃષ્ણનગરમાં રહેતા સ્વ. પારેખ ગોવીંદજી કેશવજીના સુપુત્ર કાંતિલાલની સુપુત્રી બાલ-બ્રહ્મચારિણી બહેન **તારા** તથા શ્રી પરમાણંદદાસ વેલચંદની સુપુત્રી બાલબ્રહ્મચારિણી બહેન **મનહરને** ભાગવતી દીક્ષા–સ્વીકારની અભિલાષા થતાં કૃષ્ણનગર–જિનાલયમાં જેઠ શુદ સાતમથી પાંચ દિવસનો મહોત્સવ યોજવામાં આવ્યો હતો, જેમાં પ્રતિદિન વિવિધ પૂજાઓ ભણાવવામાં આવી હતી.

દીક્ષાર્થી બહેનોના અભિનંદનાર્થે જેઠ સુદ ૮ ને રવિવારના રોજ ટાઉન હોલમાં પૂ. ઉપાધ્યાય મહારાજશ્રી **કૈલાસસાગરજી**. પૂ. પં. શ્રી **સુબોધસાગરજી** આદિ મુનિગણના નેતૃત્વમાં શ્રી પોપટલાલ એન. શાહના પ્રમુખપદે બપોરના એક સમારંભ યોજવામાં આવ્યો હતો જેમાં વિદ્વાન વક્તાઓએ વૈરાગ્ય-પોષક વક્તવ્યો કર્યાં હતા. દીક્ષાર્થી બહેનોએ યથોચિત પ્રત્યુત્તર આપ્યો હતો. આપણી સભા તથા બીજી સંસ્થાઓ તરફથી દીક્ષાર્થી બહેનોને ફૂલહાર અર્પણ કરવામાં આવ્યા હતા.

જેઠ સુદ દસમના રોજ દીક્ષાર્થી બહેનોનો વર્ષીદાનનો ભવ્ય વરઘોડો ચડયો હતો, જે શહેરના મુખ્ય મુખ્ય લત્તાઓમાં ફર્યો હતો, સાંજના શ્રી કૃષ્ણનગર સોસાયટીનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવેલ. જેઠ સુદ ૧૧ ના પ્રાતઃકાળે વિશાળ જનમેદની વચ્ચે નાણ સમક્ષ બંને બહેનોને ઉલ્લાસસભર્યા વાતાવરણમાં કૃષ્ણનગરના ઉપાશ્રયના વિશાળ પટાંગણમાં ભાગવતી દીક્ષા આપવામાં આવી હતી અને તેમને પૂ. સાધ્વી-શ્રી ભાવપ્રભાશ્રીજીની શિષ્યા તરીકે બહેન તારાને **રાજેન્દ્રશ્રી** અને બહેન મનહરને **મનોજ્ઞશ્રીના** નામથી જાહેર કરવામાં આવેલ. બંને બહેનો તેમના ચારિત્ર–જીવનમાં વિકાસ સાધે તેમ ઇચ્છીએ છીએ.

# ઇનામી મેળાવડો

અત્રેના શ્રી જૈન ધાર્મિક શિક્ષણ મંડળના આશ્રયે, અત્રેની પાઠશાળા તેમજ કન્યાશાળાઓના અભ્યાસકોને ઇનામો આપવાનો એક જાહેર સમારંભ જેઠ વદ ૧૪ ને રવિવારના રોજ બપોરના, શ્રી સમવસરણના વંડે, પૂ. ઉપા.શ્રી કૈલાસસાગરજી આદિ મુનિવર્યોના આધિપત્ય નીચે ઉજવવામાં આવ્યો હતો, જે સમયે ધાર્મિક શિક્ષણની મહત્તા અંગે પ્રાસંગિક પ્રવચનો થયા પછી વિદ્યાર્થીઓને રૂપિયા બારસોના ઇનામો, શ્રીયુત પ્રાણજીવનદાસ હરગોવિંદદાસ ગાંધીના હસ્તે વહેંચવામાં આવ્યા હતા. શિક્ષક તથા શિક્ષિકા બહેનોને બોનસ તેમજ શ્રેષ્ઠ હાજરી આપનાર બાળક–બાળિકાઓને પણ પ્રોત્સાહન તરીકે સારું પારિતોષિક આપવામાં આવેલ.

# ખેદકારક સ્વર્ગવાસ

## શ્રી મોતીલાલ નરોત્તમદાસ કાપડિયા

શ્રી મોતીલાલ નરોત્તમદાસ કાપડિયા ગુણગ્રાહી વ્યક્તિ હતા. આપણી સભાના વર્ષોથી આજીવન સભાસદ હતા એટલું જ નહિ પણ સભાદ્વારા "છૂટા વેરાયેલાં મોતી" વિગેરે કેટલાય પુસ્તકો પણ પ્રસિદ્ધ કરાવ્યા હતા. સ્વભાવે શાંત અને અધ્યાત્મપરાયણ હતા અને કેટલાય વર્ષોથી કાને બહેરા અને આંખે અપંગ થયા હોવા છતાં શાંતિથી આત્મસાધન કરતા હતા. જેઠ વદ ૧૩ ને શનિવારના રોજ ૮૫ વર્ષની વયે તેઓ સમાધિભાવમાં સ્વર્ગવાસી થયા છે. અમે સ્વર્ગસ્થના આત્માની પરમશાંતિ ઇચ્છી શ્રી જીઠાલાલ દામોદરદાસ વિગેરે તેઓના આપ્તજનો તરફ દિલસોજી દર્શાવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 156


પર્વાધિરાજ શ્રીપર્યુષણ પર્વના પવિત્ર દિવસોમાં

## વાંચવા તેમજ વિચારવા યોગ્ય પ્રરલ પુસ્તકો

| | | | |
|---|---|---|---|
| બાલેન્દુકાવ્યકૌમુદી | ૨-૦-૦ | હેમચંદ્રાચાર્ય ચરિત્ર | ૦-૧૨-૦ |
| શ્રી આનંદઘનજીનું દિવ્ય-જિનમાર્ગદર્શન | ૧-૮-૦ | નયપ્રદીપ | ૧-૦-૦ |
| શ્રી આનંદઘનજીનાં પદો (વિવેચન સહિત) | ૭-૮-૦ | શ્રી કર્પૂરવિજયજી લેખસંગ્રહ ભાગ ૮ | ૧-૧-૦ |
| ચોસઠ પ્રકારી પૂજા (અર્થ તેમજ પચીશ કથા સહિત) | ૩-૦-૦ | ,, ભાગ ૯ | ૧-૮-૦ |
| અધ્યાત્મકલ્પદ્રુમ (વિસ્તૃત વિવેચન સહિત) | ૬-૪-૦ | પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા | ૨-૮-૦ |
| આદિનાથ ચરિત્ર | ૧-૮-૦ | દાનધર્મ પંચાચાર | ૧-૦-૦ |
| કલિંગનું યુદ્ધ | ૧-૦-૦ | જ્ઞાનસાર (વિવેચન સહિત) | ૨-૦-૦ |
| જૈનકથા રત્નકોશ ભાગ છઠ્ઠો | ૩-૦-૦ | પાઈય ભાષા અને સાહિત્ય | ૬-૦-૦ |
| ઉપમીતી ભવપ્રપંચા કથા ભાષાંતર ભાગ ૧ લો | ૫-૦-૦ | પ્રભાવિક પુરુષો ભા. ૩ જો | ૩-૮-૦ |
| ,, ભાગ ૩ જો | ૫-૦-૦ | તાત્ત્વિક લેખસંગ્રહ | ૨-૦-૦ |
| ,, ભાગ ૪ થો (સિદ્ધર્ષિ) | ૫-૦-૦ | જૈનદૃષ્ટિએ યોગ | ૨-૮-૦ |
| ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર ભાષાંતર પર્વ ૧-૨ | ૬-૦-૦ | અષ્ટક પ્રકરણ | ૦-૧૨-૦ |
| ,, પર્વ ૩-૬ | ૫-૦-૦ | આગમસારોદ્ધાર | ૦-૧૨-૦ |
| ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ ૧ લો | ૩-૮-૦ | કચ્છ-ગિરનારની મહાયાત્રા | ૧-૮-૦ |
| ભાગ ૩ જો | ૩-૦-૦ | જૈન ઐતિહાસિક રાસમાળા | ૧-૦-૦ |
| ભોજપ્રબંધ ભાષાંતર | ૨-૦-૦ | દંડક તથા લઘુસંગ્રહણી | ૧-૦-૦ |
| વીસસ્થાનક તપવિધિ | ૨-૮-૦ | નવસ્મરણ | ૦-૧૨-૦ |
| દેવવંદનમાળા | ૨-૪-૦ | વિધિ સહિત પંચપ્રતિક્રમણ | ૨-૦-૦ |
| ધન્ના શાલિભદ્રનો રાસ | ૦-૧૨-૦ | બે પ્રતિક્રમણ સૂત્ર (અર્થ તેમજ ભાવાર્થ સહિત) | ૧-૮-૦ |
| યુરોપનાં સંસ્મરણો | ૧-૮-૦ | પ્રાકૃત વ્યાકરણ | ૨-૦-૦ |
| શંખેશ્વર પાર્શ્વનાથ | ૧-૮-૦ | સ્યાદ્વાદમંજરી | ૩-૦-૦ |
| સ્નાત્રકળશાદિ સંગ્રહ | ૨-૦-૦ | સિદ્ધાંતમુક્તાવલી | ૧-૦-૦ |
| | | પ્રકરણાદિગર્ભિત વિચાર | ૧-૪-૦ |
| | | માનવ જીવનનું પાથેય | ૦-૮-૦ |
| | | ઐતિહાસિક પૂર્વજોની ગૌરવગાથા | ૨-૦-૦ |
| | | યુગાદિ દેશના | ૦-૧૨-૦ |

**પ્રતાકાર**

| | | | |
|---|---|---|---|
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (મૂળ, ટીકા ને ટીકાનો અર્થ) | ૧૦-૦-૦ | વર્ધમાન દેશના ભા ૨ | ૩-૦-૦ |
| | | આચારપ્રદીપ | ૩-૦-૦ |

લખો:-શ્રી જૈનધર્મ પ્રસારક સભા-ભાવનગર


મુદ્રક : ગિરધરલાલ ફુલચંદ શાહ :: સાધના મુદ્રણાલય, દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only